## બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતો માટે 'સજીવ ખેતી' તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૧૦ થી ૧૪ જુલાઈ ૨૦૨૩ દરમ્યાન ખેડૂતો માટેનો પાંચ દિવસીય સજીવ ખેતી માટેનો તાલીમ કાર્યક્રમ માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. સદર તાલીમમાં મહેસાણા જીલ્લાનાં વડનગર, વિસનગર તથા ઉંઝા તાલુકાના કુલ ૪૨ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એગ્રોનોમી વિભાગનાં વડા, ડૉ. વી. જે. પટેલ સાહેબે ખેડૂતોને સજીવ ખેતીની જરૂરિયાત વિષે માહિતગાર કર્યા હતા, ડૉ. પી. એમ. પટેલ દ્વારા તાલીમનો મુખ્ય ઉદેશ્ય અને સજીવ ખેતીના ઘટકો તથા તેનું મહત્વ વિષેની માહિતી આપી હતી. સદર તાલીમમાં સજીવ ખેતીના વિવિધ આયામો જેવા કે પોષણ વ્યવસ્થા, પાક સંરક્ષણ, ક્ષેત્રિય વ્યવસ્થાપન, પ્રાકૃતિક ખેતી અને તેના વિવિધ આયામો, ગૌઆધારિત ખેતી, સર્ટિફિકેશન પદ્ધતિ, બજાર વ્યવસ્થા, સજીવ ખેતીમાં આવતી મુશ્કેલીઓ અને તેમાં સમાધાન વગેરે વિષયોને આવરી લેવામાં આવેલ, જેથી ખેડૂતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે તેમજ તેઓ રસાયણમુક્ત અનાજ, શાકભાજી, ફળ વગેરેનું ગુણવત્તાયુક્ત ઉત્પાદન કરી વધુ આર્થિક વળતર મેળવી શકે તે અંગે કૃષિ તજજ્ઞો દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવેલ.

વિશ્વમાં હાલ તૃણ ધાન્ય વર્ષની ઉજવણી કરવામાં આવી રહેલ હોઈ તાલીમાર્થીઓને સદર બાબતે અવગત કરવા એગ્રોનોમી વિભાગનાં વડા, ડૉ. વી. જે. પટેલ સાહેબે તૃણ ધાન્ય વિશે વ્યાખ્યાન આપ્યુ હતું, તેમજ તાલીમાર્થીઓને પ્રત્યક્ષ રીતે પાકને ઓળખી શકે તે હેતુસર મીલેટવાટિકાની પણ મુલાકાત કરાવવામાં આવી હતી.

સદર તાલીમાર્થીઓને સજીવ ખેતી વિષે વધુ જાણકારી અને અનુભવ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ સજીવ ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત ઉમેશગીરી ગોસ્વામી (ગીરી ફાર્મ), નરસંડા અને અરુણભાઈ શાહ (સંજીવની ફાર્મ), પીપળાતા ખાતે રૂબરુ મુલાકાત પણ કરાવવામાં આવી તેમજ એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ સજીવ ખેતીના કૃષિના સંશોધન અખતરાઓની અને બાગાયત વિભાગની નર્સરીની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમના અંતમાં આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. વાય. એમ. શુક્લા અને એગ્રોનોમી વિભાગનાં પ્રાધ્યાપક અને વડા, ડૉ. વી. જે. પટેલના હસ્તે પ્રમાણપત્ર તથા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. પી. એમ. પટેલ તથા ડૉ. વી. વાય. પટેલ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

# <u>સજીવ ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>

















